ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 18th April, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યોજાશે

**બાપુ ખગોળ મેળા અંતર્ગત ચૈત્રી પૂનમ નિમિત્તે ટેલિસ્કોપ દ્વારા કરાવાશે આકાશદર્શન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૭વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮માં આપણા દેશના રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીજીના જન્મને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા. આ ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી રહી છે. ગાંધીજીને ખગોળશાસ્ત્રમાં ખુબ જ રસ હતો. ૧૯૩૨માં યરવડા જેલયાત્રા દરમ્યાન ગાંધીજીની જેમજ ખગોળશાસ્ત્રમાં રસરુચી ધરાવતા શ્રી કાકાસાહેબ કાકેલકરનો ભેટો થયેલો. જેમના દ્વારા જેલવાસ દરમ્યાન ટેલિસ્કોપ અને ખગોળવિજ્ઞાનના પુસ્તકોની ભેટ મળેલ. ગાંધીજી યરવડા જેલમાં પોતાની ભેટ સ્વરૂપે મળેલ ટેલીસ્કોપ દ્વારા તારાઓ, નક્ષત્ર અને અન્ય અવકાશીય પદાર્થોનું અવલોકન કરતા હતા. જેના સ્મરણ હેતુ સમગ્ર દેશ ભરના ખગોળમાં રસ ધરાવતા ખગોળપ્રેમીઓ માટે ભારત સરકારના સાંકૃતિક વિભાગ દ્વારા ૨, ઓક્ટોબર ૨૦૧૮ થી ૨, ઓક્ટોબર ૨૦૧૯ એક વર્ષને બાપુ ખગોળ મેળા તરીકે ઉજવવાનું જાહેર કર્યુ છે.

જેને અનુસંધાને ચૈત્રી પુનમના નયનરમ્ય ચાંદને નજીકથી ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ દ્વારા તા. ૧૯/૦૪/૨૦૧૯ ને શુક્રવારના રોજ તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે ૭:30 કલાક થી 8:40 કલાક સુધી ટેલિસ્કોપની વ્યવસ્થા કરવામાં આવનાર છે. ઉપરાંત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા બ્લેક હોલ સાથે જોડાયેલ માહિતી તથા થયેલ શોધ (મિશન) વિષે સચિત્ર વધુ માહિતી આપવામાં આવશે.

આ ખગોળીય નજારાને નિહાળવા માટે શહેરની તમામ ખગોળરસિક જનતાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

18-4-19
5:30 pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20